# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

**બીજો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૫
તા.૧૬–૮–૨૦૧૮

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૧૮–૧૯/૧**

**વિવાદી :–**
શ્રી નિકુંજ નરેન્દ્ર માલવી,

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નિકુંજ નરેન્દ્ર માલવીની તા.૧–૬–૨૦૧૮ ની અરજી આઈ.ડી.નં.૩ બાબત.

**સંદર્ભઃ** વિવાદીશ્રીની તા.૧૭–૭–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી નિકુંજ નરેન્દ્ર માલવીની તા.૧–૬–૨૦૧૮ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ., સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૩. (નમુનો–ક)

૨. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨–૬–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૯૦ (નમુનો–ઘ)

૩. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨–૬–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૯૧

૪. સેકશન ઓફિસર,સેક્રેટરી ઓફિસનો તા.૧૯–૬–૨૦૧૮ નો પત્ર નં.એમ.એસ.સી./ઈએસટી/૧૧૦

૫. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૫–૬–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૯૭ (નમુનો–ગ)

૬. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૬–૮–૨૦૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૩

૭. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૬–૮–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૧૭

..૨

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદીશ્રી તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૧–૬–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૩ થી નોંધાયેલ હતી. સદર અરજી જા.મા.અ. અને સેકસન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) અને જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી, ઓડીટ વિભાગને તા.૨–૬–૨૦૧૮ ના રોજ નમુનો–ઘ થી નિયત સમયમર્યાદામાં આંશિક તબદીલ કરવામાં આવેલ.

સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી માટે જા.મા.અ. અને અંગત મદદનીશે તા.૨–૬–૧૮ ના રોજ સેકશન ઓફિસરશ્રી, સેક્રેટરી વિભાગને પત્ર પાઠવેલ હતો જેના અનુસંધાને તા.૨૫–૬–૨૦૧૮ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૯૭(નમુનો–ગ) થી વિવાદીશ્રીને સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી(આંશિક) નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

સબબ, **વિવાદીશ્રીએ સેક્રેટરી ઓફિસના** જા.મા.અ.શ્રી અંગત મદદનીશશ્રી ધ્વારા **તા.૨૫–૬–૧૮ ના રોજ આપવામાં આવેલ માહિતી(આંશિક)થી નારાજ થઈ તા.૧૭–૭–૧૮ ના રોજ સ્પીડ પોષ્ટથી પ્રથમ અપીલ** કરેલ છે. સદર અપીલ **અત્રેની ઓફિસને તા.૨૦–૭–૧૮ ના રોજ મળેલ** છે.

પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૬–૮–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૩ થી તા.૮–૮–૨૦૧૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે વિવાદી શ્રી નિકુંજ નરેન્દ્ર માલવી અને પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી (આઈ.ડી.૩)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૧૭ થી અપીલ અંગેની દફતરી વિગત સ્પષ્ટ કરવા સહિતની પુરક માહિતી તેમજ જરૂરી બિડાણો સહ પુરાવાઓ સહિત પોતાનો પક્ષ રજુ કરેલ છે. જયારે વિવાદી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

**વિવાદીશ્રી નિકુંજ નરેન્દ્ર માલવી તા.૮–૮–૨૦૧૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકની સુનવણીમાં નિયત સમયે હાજર રહેલ નથી તેમજ અપીલની સુનવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી. જયારે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ શ્રી સહદેવસિંહ એસ. ઝાલા સુનવણીમાં નિયત સમયે હાજર રહી સુનવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.**

પ્રતિવાદીશ્રીએ જણાવેલ કે, વિવાદીશ્રીને માંગ્યા મુજબની માહિતી મળી શકે તે હેતુસર અરજી મળ્યેથી બીજા દિવસે જ વિવાદીશ્રીની માહિતી માંગતી અરજી તા.૨–૬–૨૦૧૮ ના રોજ નમુનો–ઘ ધ્વારા જા.મા.અ. અને સેકસન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) અને જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી, ઓડીટ વિભાગને નિયત સમયમર્યાદામાં આંશિક તબદીલ કરવામાં આવેલ તેમજ વિવાદીશ્રીને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી (આંશિક) તા.૨૫–૬–૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/ આઉટ/ ૨૦૧૮/ ૯૭ (નમુનો–ગ) થી સમયમર્યાદામાં આપવામાં આવેલ હોય સદર અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી  તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિવાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ અરજી/રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી  નિકુંજ નરેન્દ્ર માલવની તા.૧–૬–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૩) થી માંગવામાં આવેલ માહિતી પૈકી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમય મર્યાદામાં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે અને વિવાદીશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી શ્રી નિકુંજ નરેન્દ્ર માલવ પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,**
**સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૨૪.**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૬<br>તા.૧૮–૮–૨૦૧૮ |

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૮–૧૯/૨**

**વિવાદી :–**
શ્રી નિકુંજ નરેન્દ્ર માલવી,

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નિકુંજ નરેન્દ્ર માલવીની તા.૨૭–૬–૨૦૧૮ ની અરજી આઈ.ડી.નં.૪ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની તા.૧૮–૭–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૮. અરજદારશ્રી નિકુંજ નરેન્દ્ર માલવીની તા.૨૬–૬–૨૦૧૮ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ., સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૪. (નમુનો–ક)

૯. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨–૭–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૧૦૩ (નમુનો–ગ)

૧૦.પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૬–૮–૨૦૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૪

૧૧. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૬–૮–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૧૮

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદીશ્રી શ્રી નિકુંજ નરેન્દ્ર માલવી, સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૨૬–૬–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૪ થી નોંધાયેલ હતી.

વિવાદીશ્રી ધ્વારા માત્ર સેક્રેટરી વિભાગમાં સને ૨૦૦૬ પછી ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી કરવામાં આવેલ કર્મચારીઓની નિમણુંક અંગેના જે તે ઉમેદવારોને મોકલવામાં આવેલ નિમણુંક પત્રની પ્રમાણિત નકલને લગતી માહિતી માંગવામાં આવેલ હોય જે બાબતે જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી વિભાગ ધ્વારા તા.૨–૭–૨૦૧૮ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/ ૨૦૧૮/૧૦૩(નમુનો–ગ) થી નિયત સમયમર્યાદામાં "આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી " તેવો જવાબ પાઠવવામાં આવેલ છે.

સબબ, વિવાદીશ્રીએ સેક્રેટરી ઓફિસના જા.મા.અ.શ્રી અંગત મદદનીશશ્રી ધ્વારા તા.૨–૭–૧૮ ના રોજ આપવામાં આવેલ જવાબ/માહિતીથી નારાજ થઈ તા.૧૮–૭–૧૮ ના રોજ સ્પીડ પોષ્ટથી પ્રથમ અપીલ કરેલ છે. સદર અપીલ અત્રેની ઓફિસને તા.૨૬–૭–૧૮ ના રોજ મળેલ છે.

પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૬–૮–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૪ થી તા.૮–૮–૨૦૧૮ ના રોજ સાંજે ૪–૧૫ કલાકે વિવાદી શ્રી નિકુંજ નરેન્દ્ર માલવી અને પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૪)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૧૮ થી જરૂરી બિડાણો સહ પુરાવાઓથી પોતાનો પક્ષ રજુ કરેલ છે. જયારે વિવાદી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

**વિવાદીશ્રી નિકુંજ નરેન્દ્ર માલવી તા.૮–૮–૨૦૧૮ ના રોજ સાંજે ૪–૧૫ કલાકની સુનવણીમાં નિયત સમયે હાજર રહેલ નથી તેમજ અપીલની સુનવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી. જયારે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ શ્રી સહદેવસિંહ એસ. ઝાલા સુનવણીમાં નિયત સમયે હાજર રહી સુનવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.**

**જાહેર માહિતી અધિકારીશ્રીએ સુનવણી વખતે હાજર રહી જણાવ્યુંકે, સેક્રેટરી ઓફિસમાં નિમણુંક પામનાર કર્મચારીઓની નિમણુંક અંગેના જે તે ઉમેદવારોને મોકલવામાં આવેલ નિમણુંક પત્રની પ્રમાણિત નકલ અંગેની માહિતી કર્મચારીની અંગત માહિતી હોય ત્રાહિત વ્યકિતને આપી શકાય નહિં કે આપવું હિતાવહ નથી તેમજ જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ ધરાવતી હોવાનું જણાય આવતું ન હોય આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧) (ચ) અને (ઠ) મુજબ વિવાદીશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ નથી.**

જાહેર માહિતી અધિકારીશ્રીએ પોતાના નિર્ણયના સમર્થનમાં નીચે મુજબની રજુઆત કરી.

રાજય માહિતી આયોગે અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ બાબતે વિવાદી ધ્વારા અન્ય કર્મચારીઓની માહિતીની માંગણી કરી હતી, જે માહિતી કર્મચારીની **"અંગત"** પ્રકારની માહિતી હોવાથી આપવાપાત્ર નથી તેવો હુકમ કરેલ છે.

બીજા એક કેસમાં અરજદાર ધ્વારા સુરત મહા.માં વર્ષ–૨૦૧૬માં ધર્મેન્દ્રસિંહ તખ્તસિંહ પરમારના ડ્રાઈવર તરીકેની નિયુકિત થયેલ નિયુકિત પત્ર વિ. બાબતેની સર્ટીફાઈડ નકલ માંગવામાં આવેલ હતી તે બાબતે જા.મા.અ. ધ્વારા ત્રાહિતની અંગત માહિતી હોય આપી શકાય નહીં અને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ ધરાવતી ન હોવાનું જણાતું ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. જે બાબતે નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ –શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ–૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ.

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ સંદર્ભે ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃવહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ.સેલ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૨–૭–૨૦૦૮ થી આર.ટી.આઈ. એકટ રૂલ્સ હેઠળની અરજીઓ પરત્વે Do's & Don's અંગે આપલ માર્ગદર્શન અને સુચનોમાં સ્પષ્ટ જણાવેલ છે કે, માહિતીનો અધિકાર અધિનિયમ હેઠળ ભારતના નાગરિક ધ્વારા જે કંઈ માહિતી માંગવામાં આવે તે નહીં આપવા અંગેનો આખરી નિર્ણય સબંધિત જાહેર માહિતી અધિકારી/એપેલેટ ઓથોરીટીએ દરેક કેસની હકીકત, સંજોગો, તેની સંવેદનશીલતા વિગેરે ધ્યાનમાં લઈને તથા લાગુ પડતી બાબતોમાં જાહેર હિત વિરુધ્ધ અંગત વ્યકિતગત હિતના સંદર્ભમાં મુલવણી કરીને કાયદાની કલમ–૮, કલમ–૯ અને અથવા કલમ–૭(૯) વિ.ના સંદર્ભમાં માહિતી આપવા યોગ્ય છે કે કેમ, તે અંગે પુખ્ત વિચારણા કરી પોતે વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને નિર્ણય લેવાનો રહે છે.

આમ, પ્રતિવાદીશ્રીએ ઉપરોકત આધારભૂત નિર્ણયો, દ્રષ્ટાંતો, પુરાવાઓને ધ્યાને રાખી વિવાદીશ્રીની અરજી બાબતે નિર્ણય લીધેલ હોય હકીકતલક્ષી બાબતો ધ્યાને લઈ વિવાદીશ્રીની અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિવાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ અરજી/રજુઆતો, પુરાવાઓ તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી નિકુંજ નરેન્દ્ર માલવની તા.૨૭–૬–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૪) થી માંગવામાં આવેલ માહિતી પૈકી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી પાઠવવામાં આવેલ પ્રર્ત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે અને વિવાદીશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી નિકુંજ નરેન્દ્ર માલવી પ્રતિ.....જાણ સારૂ.

## સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા
બીજો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૮
તા.૫–૧૦–૨૦૧૮

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૮–૧૯/૩**

**વિવાદી :–**
શ્રી પીંકલ પી. ઘીવાળા

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૭–૭–૨૦૧૮ ની અરજી આઈ.ડી.નં.૩૨૯ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની તા.૧૩–૮–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧૨.વિવાદીશ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૭–૭–૨૦૧૮ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં. ૩૨૯(નમુનો–ક).

૧૩.જાહેર માહિતી અધિકારી અને સંકલન/આસી.લો.ઓફીસર, વેસ્ટ ઝોનનો તા.૨૦–૮–૨૦૧૮ ના રોજનો પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૦૮૭ (નમુનો–ઘ)

૧૪.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૪–૯–૧૮ નો પત્રનં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૬૦ (નમુનો–ગ).

૧૫.અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૧૩–૮–૨૦૧૮ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની એપેલેટ ઓફિસર, સક્ષમ સત્તામંડળ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૩(નમુનો–જ)

૧૬.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૩–૧૦–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૭૨.

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદીશ્રી પીંકલ પી. ઘીવાળા, સુરત–૩૯૫૦૦૫, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ **તા.૭–૭–૨૦૧૮ ના રોજ** જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને **વેસ્ટ ઝોન ખાતે** અરજી કરેલ હતી.

..૨

સાઉથ ઝોન ખાતે સદર અરજી આઈ.ડી.નં.૩૨૯ થી નોંધાયેલ હતી. જે જાહેર માહિતી અધિકારી અને સંકલન/આસી.લો.ઓફીસર, વેસ્ટ ઝોન ધ્વારા તા.૨૦–૮–૨૦૧૮ ના રોજ (૪૪ દિવસ બાદ) પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૦૮૭ (નમુનો–ઘ) થી સેક્રેટરી ઓફિસ સહિત સુરત મહાનગરપાલિકાના કુલ–૮૫ વિભાગને એકીસાથે તબદીલ કરવામાં આવેલ જે સેક્રેટરી ઓફિસને તબદીલ કર્યાના ૨૨ દિવસ બાદ એટલે કે તા.૧૧–૯–૨૦૧૮ ના રોજ મળેલ છે.

આમ, વિવાદીશ્રીની તા.૭–૭–૨૦૧૮ ના રોજની માહિતી માંગતી અરજી નિયત સમય મર્યાદા બાદ એટલે કે તા.૧૧–૯–૨૦૧૮ ના રોજ આશરે ૬૬ દિવસ બાદ સેક્રેટરી ઓફિસને તબદીલીથી પ્રાપ્ત થયેલ છે.

વિવાદીશ્રીએ તા.૭–૭–૨૦૧૮ ના રોજની અરજી કર્યા બાદ માંગવામાં આવેલ માહિતી નિયત સમયમર્યાદામાં મળેલ ન હોવાથી નારાજ થઈ તા.૧૩–૮–૧૮ ના રોજ વેસ્ટ ઝોન ખાતે એપેલેટ ઓફિસરશ્રી, સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી જે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન ધ્વારા તા.૩૧–૮–૨૦૧૮ ના રોજ (૧૮ દિવસ બાદ ) પત્ર પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૨૨૬ (નમુનો–ઘ) થી સેક્રેટરી ઓફિસ સહિત સુરત મહાનગરપાલિકાના કુલ–૮૫ વિભાગને એકીસાથે તબદીલ કરવામાં આવેલ જે સેક્રેટરી ઓફિસને તબદીલ કર્યાના ૧૦ દિવસ બાદ એટલે કે તા.૧૧–૯–૨૦૧૮ ના રોજ મળેલ છે.

આમ, વિવાદીશ્રીની તા.૧૩–૮–૨૦૧૮ ના રોજની પ્રથમ અપીલ અરજી નિયત સમય મર્યાદા બાદ એટલે કે તા.૧૧–૯–૨૦૧૮ ના રોજ આશરે ૨૮ દિવસ બાદ સેક્રેટરી ઓફિસને તબદીલીથી પ્રાપ્ત થયેલ છે.

પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ તા.૩૦–૯–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૭ થી જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પાસે વિવાદીશ્રી અરજીના અનુસંધાને દફતરી કાર્યવાહી સહિતની વિગતો તમામ આધાર પુરાવાઓ સહ માંગેલ જે અન્વયે જા.મા.અ. અને અંગત મદદનીશશ્રીએ તા.૩–૧૦–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૭૨ ધ્વારા દફતરી આધાર પુરાવાઓ સહિતનો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

જે અન્વયે વિવાદીશ્રીની તા.૭–૭–૨૦૧૮ ના રોજની અરજી તેમજ તા.૧૩–૮–૨૦૧૮ ના રોજની પ્રથમ અપીલ અરજી બંન્ને તા.૧૧–૯–૨૦૧૮ ના રોજ સેક્રેટરી ઓફિસને મળેલ છે. **જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ ધ્વારા અરજી મળ્યેથી ત્રીજે દિવસે સેક્રેટરી વિભાગને લાગત બાબતેની માહિતી(આંશિક) આર.ટી.આઈ એક્ટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિનામુલ્યે તા.૧૪–૯–૨૦૧૮ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/ ૨૦૧૮/૨૬૦ (નમુનો–ગ) થી પાઠવવામાં આવેલ છે** તેવું સ્પષ્ટ જણાય આવે છે.

**આમ, વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, પ્રતિવાદીશ્રીએ કરેલ રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

**" વિવાદીશ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૭–૭–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૩૨૯) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગત માહિતી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી વિનામુલ્યે પુરી પડાયેલી હોઈ, વિવાદીશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી શ્રી પીંકલ પી. ઘીવાળા પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**
**ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૩<br>તા. ૮–૧–૨૦૧૯ |

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૧૮–૧૯/૪**

**વિવાદી :–**
શ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખ,

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખની તા.૨૯–૮–૨૦૧૮ ની અરજી આઈ.ડી.૫૪૦ બાબત.

**સંદર્ભઃ** વિવાદીશ્રીની અરજી તા.૦૩–૧૦–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧૭.અરજદારશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખની તા.૨૯–૦૮–૨૦૧૮ની માહિતિનો અધિકાર અધિનિયમ– ૨૦૦૫ હેઠળની કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૫૪૦.

૧૮.જા.મા.અ. અને ડે.ઈજનેર(વેસ્ટ ઝોન)નો તા.૭–૯–૧૮ નો પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૨૬૧

૧૯.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૪–૯–૧૮ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૬૨(નમુનો–ગ)

૨૦.અરજદારશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખની તા.૩–૧૦–૨૦૧૮ની અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, પશ્ચિમ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૨૧. અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, પશ્ચિમ ઝોનનો તા.૬–૧૦–૨૦૧૮ નો પત્ર ક્રમાંક નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૪૯૦(નમૂનો–ઘ)

૨૨.અરજદારશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખનો તા.૧૦–૧૦–૨૦૧૮ નો પત્ર(પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશી)

**ફરીયાદની હકીકત :–**

**શ્રી મા ન,**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી/અરજદારશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખ, સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૨૯–૮–૨૦૧૮ ના રોજ જા.મા.અ.શ્રી, પશ્ચિમ ઝોન, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૫૪૦ થી નોંધાયેલ હતી.

સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૨૬૧, તા.૭–૯–૨૦૧૮ થી અંગત મદદનીશશ્રી(સેક્રેટરી ઓફિસ ખાત આંશિક તબદીલી ધ્વારા મળેલ. વિવાદીશ્રીને જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી(સેક્રેટરી ઓફિસ) ધ્વારા તા.૧૪–૯–૨૦૧૮ ના રોજ નમુનો–ગ થી પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૮/૨૬૨(નમુનો–ગ) અન્વયે માહિતી આપવામાં આવેલ છે.

વિવાદીશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખએ તા.૩–૧૦–૨૦૧૮ ના રોજ નાયબ આરોગ્ય અધિકારી તથા અપીલ અધિકારી પશ્ચિમ ઝોન, સુરત મહાનગર પાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરવામાં આવેલ હતી. જે તા.૬–૧૦–૨૦૧૮ ના રોજના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૪૯૦ થી અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રી (સેક્રેટરી બ્રાંચ) સહિત કુલ ચાર અપીલ અધિકારીને તબદીલ કરવામાં આવેલ હતી. જેની એક નકલ વિવાદીશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખને પાઠવેલ હતી.

વિવાદીશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખએ અપીલ અરજી તબદીલ થયેલની નકલ મળ્યેથી તા.૧૦–૧૦–૨૦૧૮ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે રૂબરૂ હાજર રહેલ અને પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશને લેખિતમાં રજુઆત કરી જણાવ્યું કે, "કચેરીએ રૂબરૂ આવી ચર્ચા અન્વયે મારી ગેરસમજ દુર થઈ ગયેલ છે. મારી આર.ટી.આઈ. એકટ અન્વયેથી તા.૨૯–૮–૨૦૧૮ ના રોજની મૂળ અરજી આઈ.ડી.નં.૫૪૦ ના સંદર્ભમાં તા.૩–૧૦–૧૮ ના રોજ અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(પશ્ચિમ ઝોન–રાંદેર),સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ બાબતે જણાવવાનું કે, મને સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી(આંશિક) જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૧૪–૯–૨૦૧૮ ના પત્રનં. આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૮/૨૬૨ અન્વયે મને મળી ગયેલ છે. આમ, સેક્રેટરી વિભાગ ધ્વારા માહિતી સંપુર્ણ મળી ગયેલ હોવાથી ઉપરોકત અપીલ અન્વયે સેક્રેટરી ઓફિસ પાસે કોઈપણ માહિતી મેળવવાની બાકી નથી અને મને મળેલ માહિતી પ્રત્યે મને સંતોષ છે. જે ધ્યાનેલઈ મારી સેક્રેટરી ઓફિસ બાબતેને લાગુ પડતી બાબતે હું અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરું છું. જે બાબતે ઘટીત કાર્યવાહી કરવા વિનંતી."

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિવાદીશ્રીએ કરેલ લેખિત રજુઆતો/અરજી ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખની તા.૨૯–૮–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૫૪૦) સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી (સેક્રેટરી ઓફિસ) ધ્વારા તા.૧૪–૯–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૬૨ થી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની માહિતી આપવામાં આવેલ છે તેમજ વિવાદીશ્રીની તા.૧૦–૧૦–૨૦૧૮ ના રોજ અત્રેની કચેરીએ રૂબરૂ આવી કરવામાં આવેલ લેખિત રજુઆત ધ્યાને લેતા, સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ શેખ પ્રતિ.....જાણ સારૂ.

ચોજો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૭
તા.૩૦–૩ –૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૪**

**વિવાદી :–**
શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૨૨–૧૧–૨૦૧૮ ની મુળ અરજી આઈ.ડી.૨૦૧૦ બાબત.

**સંદર્ભ:** શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૫–૩–૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૨૩.એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૨૬–૧૧–૧૮ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ/આઉટ–૨૦૧૦

૨૪.શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૨૨–૧૧–૨૦૧૮ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.શ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૨૦૧૦. (નમુનો–ક).

૨૫.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૫–૧૨–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૩૧૧ (નમુનો–ખ).

૨૬.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૯–૧૨–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૮/૩૧૬ (નમુનો–ગ).

૨૭.એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૧–૩–૧૯ નો પત્ર નં.સી.સી.સી. /સી.ઝોન/આઉટ–૩૭૯ (નમુનો–ઘ)

૨૮.શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૫–૩–૨૦૧૯ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી/અપીલ અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ

૨૯.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૮–૩–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૯/

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી/અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ,

સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૨૨–૧૧–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરી **મુદ્દા નં.૧ થી ૫૬** ની માહિતી આપવા જણાવેલ. જે અરજી આઈ.ડી.નં.૨૦૧૦ થી નોંધાયેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ધ્વારા તા.૨૬–૧૧–૨૦૧૮ ના રોજ નમુનો–ઘ થી જાહેર માહિતી અધિકારી, સેક્રેટરી વિભાગ સહિત કુલ–૮ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ હતી.

સદર અરજીથી માંગેલ માહિતીના અનુસંધાનમાં સેક્રેટરી ઓફિસને લાગત દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ તા.૧૫–૧૨–૨૦૧૮ ના રોજ પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૩૧૧ થી વિવાદીશ્રીને માહિતી મેળવવા જરૂરી ફી ભરવાનો પત્ર(નમૂનો–ખ) લખેલ હતો જે અન્વયે વિવાદીશ્રીએ તા.૧૭–૧૨–૨૦૧૯ ના રોજ જરૂરી ફીની ભરપાઈ કરતા, સેક્રેટરી ઓફિસને લાગત અરજીના મુદ્દા નં.૨, ૧૦, ૧૧, ૧૭, ૨૬ અને ૩૪ ની માહિતી (આંશિક)(કુલ પાના નંગ–૧૯) વિવાદીશ્રીને તા.૧૯–૧૨–૨૦૧૮ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૩૧૬ (નમૂનો–ગ) થી નિયત સમયમર્યાદા (દિન–૩૦) માં પુરી પાડેલ હતી.

વિવાદીશ્રીએ આર.ટી.આઈ. એકટ હેઠળ કરેલ અરજીમાં ૧ થી ૫૬ મુદ્દા હોય નમુનો–ક વંચાણે લઈ, નહિં મળેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા તા.૫–૩–'૧૯ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી/ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરેલ છે.

સદર અપીલ અત્રેની ઓફિસ સહિત કુલ–૮ વિભાગના અપિલ અધિકારીઓને એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રના તા.૧૧–૩–૧૯ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ–૩૭૯(નમુનો–ઘ)થી ટ્રાન્સફર કરેલ, જે અપીલ અત્રેની કચેરીએ તા.૧૩–૩–૨૦૧૯ ના રોજ મળેલ છે. વિવાદીશ્રીની અપીલ અરજી અન્વયે સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી માટે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૨૬–૩–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૬ થી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને, ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૨૦૧૦)અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ તાકીદે રજુ કરવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ તા.૨૮–૩–૨૦૧૯ ના રોજ અપીલ અંગેની જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

પ્રતિવાદીશ્રીએ જણાવેલ કે, વિવાદીશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડને આધારિત અરજીના લાગુ પડતા મુદ્દા નં.૨,૧૦,૧૧,૧૭, ૨૬ અને ૩૪ ની માહિતી (આંશિક)નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ હોય અને એકટની કલમ–૧૯(૧)અન્વયે વિવાદીશ્રીએ સેક્રેટરી ઓફિસ ખાતે કરવાની થતી પ્રથમ અપીલ અંગેની નિયત સમયમર્યાદા પુર્ણ થયા બાદ એટલે કે, માહિતી મળ્યેથી આશરે ૭૦ થી પણ વધુ દિવસ વિત્યા બાદ અરજીમાં ૧ થી ૫૬ મુદ્દા હોય નમુનો–ક વંચાણે લઈ, નહિં મળેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા મ્યુ.કમિશ્નરશ્રી/ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ કરવામાં આવેલ છે જેથી સેક્રેટરી ઓફિસ ધ્વારા હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જેથી સદર અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૨૨–૧૧–૧૮ ની મૂળ અરજી (આઈ.ડી.૨૦૧૦)ના મુદ્દા નં.૧ થી ૫૬ અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડને આધારિત અરજીના લાગુ પડતા મુદ્દા નં.૨, ૧૦, ૧૧, ૧૭, ૨૬ અને ૩૪ ની માહિતી(આંશિક) બાબતે પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૧૬, તા.૧૯–૧૨–૧૮ થી નિયત સમય મર્યાદામાં પાઠવવામાં આવે પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ વિવાદીશ્રીએ સેક્રેટરી ઓફિસ ખાતે કરવાની થતી પ્રથમ અપીલ અંગેની નિયત સમયમર્યાદા પૂર્ણ થયા બાદ એટલે કે, માહિતી મળ્યેથી આશરે ૭૦ થી પણ વધુ દિવસ વિત્યા બાદ તેમણે અરજીમાં ૧ થી ૫૬ મુદ્દા હોય નમુનો–ક વંચાણે લઈ, નહિં મળેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા મ્યુ.કમિશનરશ્રી/ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ કરવામાં આવેલ છે. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**
ન.ર. :– અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ પ્રતિ,
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ,
સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.

# સેક્રેટરી ઓફિસ, સુરત
**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**
**ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૧૬<br>તા.૧૨–૧૨–૨૦૧૮ |

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૧૮–૧૯/૮**

**વિવાદી :–**
શ્રી હેમંત એન.દેસાઈ,

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૪–૮–૨૦૧૮ ની અરજી આઈ.ડી.નં.૧૧૮૩ બાબત.

**સંદર્ભઃ** વિવાદીશ્રીની તા.૩૦–૧૦–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૩૦.અરજદારશ્રી હેમંત એન.દેસાઈની તા.૧૪–૮–૨૦૧૮ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ., સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૧૧૮૩. (નમુનો–ક)

૩૧.એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૧૬–૮–૧૮ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ–૧૧૮૩

૩૨.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૩–૮–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૪૬ (નમુનો–ગ)

૩૩.એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧–૧૧–૧૮ નો પત્ર નં.સી.સી.સી. સી.ઝેડ/ આર.ટી.આઈ. /આઉટ–૨૩૩ (નમુનો–ઘ)

૩૪.વિવાદીશ્રી હેમંત એન.દેસાઈની તા.૩૦–૧૦–૨૦૧૮ના રોજ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી

૩૫.પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૭–૧૨–૨૦૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી /અપીલ/આઉટ/૨૦૧૮/૧૪

૩૬. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૧–૧૨–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૩૦૯

..૨

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી શ્રી હેમંત એન.દેસાઈ, સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૧૪–૮–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી, જે આઈ.ડી.નં.૧૧૮૩ થી નોંધાયેલ હતી. સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ધ્વારા તા.૧૬–૮–૨૦૧૮ ના રોજ નમુનો–ઘ થી જાહેર માહિતી અધિકારી, સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ.

સદર અરજીના મુદ્દા નં.૧ અને ૨ અન્વયે માંગવામાં આવેલ માહિતી બાબતે જા.મા.અ. અને અંગત મદદનીશ ધ્વારા તા.૨૩–૮–૨૦૧૮ ના રોજ પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૪૬ થી વિવાદીશ્રીને સમય મર્યાદામાં સેક્રેટરી ઓફિસના દફતર પર ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી (નમુનો–ગ) પુરી પાડવામાં આવેલ હતી.

સબબ, વિવાદીશ્રીએ તેમની સદર અરજી બાબતે સુરત મહાનગરપાલિકાના કુલ–૨૦ વિભાગ ધ્વારા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૩૦–૧૦–૧૮ ના રોજ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરેલ છે. સદર અપીલ અત્રેની ઓફિસ સહિત કુલ–૪ અપિલ અધિકારીને એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રના તા.૧–૧૧–૧૮ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ–૨૩૩ (નમુનો–ઘ)થી ટ્રાન્સફર કરેલ જે સેક્રેટરી ઓફિસ ખાતે તા.૨–૧૧–૨૦૧૮ ના રોજ મળેલ છે.

વિવાદીશ્રીની અપીલ અરજી અન્વયે સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી માટે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૭–૧૨–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ /આઉટ/૨૦૧૮/૧૪ થી પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી (આઈ.ડી.૧૧૮૩) માં જણાવેલ વિગતે તેને સંલગ્ન જરૂરી પેપર્સો સહિત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ તાકીદે રજુ કરવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ તા.૧૧–૧૨–૨૦૧૮ ના રોજ અપીલ અંગેની જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

પ્રતિવાદીશ્રીએ જણાવેલ કે, વિવાદીશ્રીની માહિતી માંગતી અરજી(આઈ.ડી.૧૧૮૩)ના મુદ્દા નં.૧ અને ૨ અન્વયે માંગવામાં આવેલ માહિતી **સેક્રેટરી ઓફિસના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય સેક્રેટરી ઓફિસને લગતી માહિતી "નીલ" છે.** તા.૨૩–૮–૧૮ ના રોજ વિવાદીશ્રીને નમુનો–ગ થી ઉકત જવાબ પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/ આઉટ/૨૦૧૮/૨૪૬થી સમયમર્યાદામાં પાઠવેલ હોય, સેક્રેટરી ઓફિસ તરફે હવે કશું કરવાનું રહેતું નથી જેથી સદર અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી  તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિવાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ અરજી/રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી  હેમંત એન. દેસાઈની તા.૧૪–૮–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૧૧૮૩) થી માંગવામાં આવેલ માહિતી પૈકી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી/જવાબ આપવામાં આવેલ હોય, પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે અને વિવાદીશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

**બીજો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,**
**સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૧૦
તા.૧૯–૧૧–૨૦૧૭

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૮–૧૯/૬**

**વિવાદી :–**
શ્રી હસમુખ વી. ધોળકિયા,

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હસમુખ વી. ધોળકિયાની તા.૧૦–૯–૨૦૧૮ ની અરજી આઈ.ડી.૧૩૮૮ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની અરજી તા.૧૦–૧૦–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૩૭.શ્રી હસમુખ વી. ધોળકિયાની તા.૧૦–૯–૨૦૧૮ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.શ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૧૩૮૮. (નમુનો–ક)

૩૮.એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૧–૯–૧૮ નો પત્ર નં.સી.સી.સી. સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ–૧૩૮૮(નમુનો–ઘ)

૩૯.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૪–૯–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૫૯

૪૦.ઈ.ચા. પી.એ.ટુ મેયરશ્રી નો તા.૧૪–૯–૨૦૧૮ નો પત્ર નં.એમ/૧૧૮

૪૧.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૭–૯–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૬૫ (નમુનો–ગ)

૪૨.અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયાની તા.૧૦–૧૦–૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારી સત્તામંડળને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ

૪૩.એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૦–૧૦–૧૮ નો પત્ર નં.સી.સી.સી. સી.ઝેડ/ આર.ટી.આઈ. /આઉટ–૨૦૦ (નમુનો–ઘ)

૪૪.પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૨૫–૧૦–૨૦૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૯

૪૫. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૬–૧૦–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૨૮૭

૪૬.અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયાનો તા.૨૯–૧૦–૨૦૧૮ નો પત્ર (પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીને ઉદ્દેશી)

**<u>ફરીયાદની હકીકત :–</u>**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી/અરજદારશ્રી શ્રી હસમુખ વી. ધોળકિયા, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૧૦–૯–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૧૩૮૮ થી નોંધાયેલ હતી. સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ધ્વારા તા.૧૧–૯–૨૦૧૮ (નમુનો–ઘ) થી જા.મા.અ., સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ.

જા.મા.અ. અને અંગત મદદનીશ ધ્વારા પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૫૯ થી ઈ.ચા. પી.એ. ટુ મેયરશ્રીને ઉદ્દેશીને પત્ર પાઠવી સદર માહિતી માંગવામાં આવેલ હતી જેના અનુસંધાનમાં ઈ.ચા. પી.એ.ટુ મેયરશ્રીએ તા.૧૪–૯–૨૦૧૮ ના પત્ર નં.એમ/૧૧૮ થી દફતરી રેકર્ડ આધારીત માહિતી આપેલ જે અન્વયે જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૧૭–૯–૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૬૫ થી અરજદારશ્રીને સમય મર્યાદામાં (નમુનો–ગ) થી દફતરી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

સબબ, તા.૧૦–૧૦–૧૮ ના રોજ વિવાદીશ્રીએ કોઈપણ પ્રકારની માહિતી મળેલ નથી તેવું કારણ દર્શાવી જા.મા.અ.શ્રીએ જાણી જોઈને યોગ્ય માહિતી આપી નથી. માહિતી અધિકારીએ માહિતી અધિકાર કાયદાનો અનાદર કરેલ છે અને કાયદાનું પાલન કરવામાં સંપુર્ણ નિષ્ફળ ગયા છે અને સંપુર્ણ માહિતી કલમ ૭(૬) હેઠળ ફ્રી માં આપવા હુકમ કરવા વિ. દલીલો/વિગતો સહ વિવાદીશ્રીએ પ્રથમ અપીલ અધિકારી સત્તામંડળને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરેલ છે.

સદર અપીલ, એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રના તા.૧૦–૧૦–૧૮ ના પત્ર નં.સી.સી.સી. સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ–૨૦૦ થી તબદીલ ધ્વારા **<u>અત્રેની ઓફિસને તા.૧૦–૧૦–૧૮ ના રોજ પ્રથમ અપીલ મળેલ</u>** છે. પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૨૫–૧૦–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૯ થી તા.૨૯–૧૦–૨૦૧૮ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે વિવાદીશ્રી રાકેશભાઈ પાનસુરીયા અને પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી (આઈ.ડી.૧૩૮૮)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અપીલની સુનવણી બાબતે રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૮૭ થી જરૂરી બિડાણોની સાબિતી સહ પોતાનો પક્ષ(પુતતા અહેવાલ) પુરાવાઓ સહિત રજુ કરેલ છે.

વિવાદીશ્રી હસમુખ વી. ધોળકિયાએ તા.૨૯–૧૦–૨૦૧૮ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે સવારે ૧૦–૪૫ કલાકે પત્રથી જણાવેલ કે, સુનવણીમાં રૂબરૂ બોલાવેલ તે માટે તેઓ આવી શકે તેમ નથી. અમારી અરજી બાબત આર.ટી.આઈ કરેલ છે તે બાબતે લેખિત આપી શકો છો તેમ છતાં પણ અમારો સમય બરબાદ કરવા સરકારી ખાતા ધકકા ખવડાવવા માટે શા માટે રૂબરૂ બોલાવો છે, જે કાર્ય અરજી પાછળ કાર્યવાહી કરી હોય તેનો જવાબ આપી દો. લેખિતમાં કામ ઈમાનદારીથી કરેલ હોય તો ગભરાઉ શા માટે. દિવાળી સમય કામ ધંધા પેમેન્ટ લેતી દેતી કામ માટે બહાર અવાર નવાર જવાનું હોય તો અમો રૂબરૂ આવી ન શકયે જવાબ પોષ્ટથી મોકલાવી આપશો વિ. લેખિતમાં દલીલ કરેલ છે.

પ્રતિવાદી પક્ષે જા.મા.અ. અને અંગત મદદનીશ શ્રી સહદેવસિંહ એસ. ઝાલા સુનવણીમાં નિયત સમયે હાજર રહી સુનવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે. તેમણે જણાવ્યું કે, વિવાદીશ્રીની અરજીના સંદર્ભમાં ઈ.ચા. પી.એ. ટુ મેયરશ્રીના પત્ર અન્વયે જવાબ/માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. પ્રતિવાદીશ્રીએ તા.૨૬–૧૦–૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/ આઉટ/૨૦૧૭/૨૮૭ થી જણાવેલ છે કે, વિવાદીશ્રીની મેયરશ્રીને ઉદ્દેશીને કરેલ બંને અરજીઓ ઉપર મા.મેયરશ્રીએ નોટીંગ કર્યા બાદ બંને અરજીઓ(ઓરીજનલ) આઉટવર્ડ રજીસ્ટરમાં નોંધી અને આઉટવર્ડ નંબર પાડી જે તે ખાતાને તબદીલ કરવામાં આવેલ છે. જેથી વિવાદીશ્રીને નોટીંગ સાથેની અરજીની પ્રમાણિત નકલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સમયમર્યાદામાં દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી વિવાદીશ્રીને પુરી પાડવામાં આવેલ છે, પરંતુ વિવાદીશ્રીની અરજી/ફરીયાદ મેયરશ્રીની કચેરીએથી ઝોનલ ઓફિસરશ્રી, નોર્થ ઝોન ખાતે મોકલવામાં આવેલ હોવાથી આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીમાં જણાવેલ વિગતેની નહિં પુરી પડાયેલ માહિતી(આંશિક) અર્થે મૂળ અરજી (આઈ.ડી.૧૩૮૮) શરતચૂકથી જે તે લાગત વિભાગ/ખાતાને ટ્રાન્સફર કરવાનું રહી ગયેલ છે તેવું જણાવી ઉકત બાબત દરગુજર કરવા વિનંતી કરેલ છે.

આમ, તા.૧૧–૯–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રીને અરજી મળ્યેથી તેઓએ તા.૧૭–૯–૨૦૧૮ ના રોજના પત્રથી સેક્રેટરી ઓફિસને લાગત બાબતે વિવાદીશ્રીને દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી(આંશિક) નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે. મેયરશ્રીની કચેરી ધ્વારા વિવાદીશ્રીની અરજી/ફરીયાદ ઝોનલ ઓફિસરશ્રી, નોર્થ ઝોન ખાતે મોકલવામાં આવેલ હોવાથી આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી આઈ.ડી.૧૩૮૮ માં જણાવેલ વિગતો ધ્યાને લેતા જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ ધ્વારા લાગત સુરત મહાનગરપાલિકાના વિભાગ/ખાતાને અરજીમાં જણાવેલ વિગતેની નહીં પુરી પડાયેલ માહિતી અર્થે શરતચૂકથી ટ્રાન્સફર કરવાનું રહી ગયેલ હોય તેવું સ્પષ્ટ જણાય આવે છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો/અરજી વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**<u>હુકમ</u>**

**" વિવાદીશ્રી હસમુખ વી. ધોળકિયાની તા.૧૦–૯–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૧૩૮૮) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમય મર્યાદામાં ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી(આંશિક) સમયમર્યાદામાં પુરી પડાયેલ હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે.**

**જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ ધ્વારા અરજીમાં જણાવેલ વિગતેની નહિં પુરી પડાયેલ માહિતી(આંશિક) અર્થે સુરત મહાનગરપાલિકાના લાગત વિભાગ/ખાતાને શરતચૂકથી ટ્રાન્સફર કરવાનું રહી ગયેલ હોય, સદર અરજી તાકીદે નહિં પુરી પડાયેલ માહિતી(આંશિક) અર્થે લાગત સબંધિત વિભાગ/ખાતાને ટ્રાન્સફર કરી આર.ટી.આઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે વિવાદીશ્રીને પુરી પાડવા લાગત જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

ન.ર. :– અરજદારશ્રી શ્રી હસમુખ વી. ધોળકિયા પ્રતિ,
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ,
સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
સા.ર.:–જાહેર માહિતી અધિકારી.................................. પ્રતિ.

# સેક્રેટરી ઓફિસ, સુરત

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**
**ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**


RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૧૧
તા.૨૯–૧૧–૨૦૧૮

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૮–૧૯/૯**

**વિવાદી :–**
શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૧–૧૦–૨૦૧૮ ની મુળ અરજી આઈ.ડી.૧૬૦૩ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની તા.૩૦–૧૦–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૪૭.એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૧–૧૧–૧૮ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ–૨૩૪

૪૮. શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૧–૧૦–૨૦૧૮ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.શ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૧૬૦૩. (નમુનો–ક)

૪૯.શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૩૦–૧૦–૨૦૧૮ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી/અપીલ અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી/અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ,

સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૧–૧૦–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરી મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા જણાવેલ. જે અરજી આઈ.ડી.નં.૧૬૦૩ થી નોંધાયેલ હતી.

જે માહિતી આપવા બાબતની અરજી અંગે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી તા.૩૦–૧૦–'૧૮ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી/ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ કરવામાં આવેલ છે. સદર મુળ અરજીમાં ૧ થી ૧૬ મુદ્દાઓ હોય માંગ્યા મુજબની માહિતી વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે તેવું વિવાદીશ્રી ધ્વારા અપીલ અન્વયે જણાવવામાં આવેલ છે.

૨..

**વિવાદીશ્રીની માહિતી માંગતી અરજી આઈ.ડી.૧૬૦૩ અને પ્રથમ અપીલ** એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનએ અત્રેની કચેરીને તા.૧–૧૧–૨૦૧૮ ના રોજ પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ–૨૩૪ થી મોકલેલ છે. સદર પત્રમાં તેઓ જણાવે છે કે, શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની મુળ અરજી તા.૩–૧૦–૨૦૧૮ ના રોજ શરતચૂકથી માત્ર ડેપ્યુટી ઈજનેર(સેન્ટ્રલ ઝોન) ખાતે જ કોમ્પ્યુટર ટ્રાન્સફર કરવામાં આવેલ. જે અરજી (૧)ઈન્ચાર્જ ટાઉન પ્લાનર અને શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારી, ટાઉન પ્લાનીંગ ખાતું (૨) સેક્રેટરી ખાતું (૩)કાર્યપાલક ઈજનેરશ્રી, તમામ ઝોનને પણ લાગુ પડે છે જે બાબત તા.૩૦–૧૦–૨૦૧૮ ના રોજ અરજદાર ધ્વારા અપીલ કરવામાં આવેલ તે સમયે ધ્યાને આવેલ છે. તેથી તા.૧–૧૧–૨૦૧૮ ના રોજ અરજી અને અપીલ અરજી માત્ર ભૌતિક રીતે ટ્રાન્સફર કરવામાં આવેલ છે. નિયત સમયમર્યાદામાં અરજદારને યોગ્ય જવાબ આપવા એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનએ વિનંતી કરેલ છે.

આમ, **વિવાદીશ્રીની માહિતી માંગતી અરજી આઈ.ડી.૧૬૦૩ ના** મુદ્દા નં.૧ થી ૧૬ ની વિગતો ધ્યાને લેતા માહિતી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન) ધ્વારા માત્ર ડેપ્યુટી ઈજનેર(સેન્ટ્રલ ઝોન) ખાતે જ કોમ્પ્યુટર ટ્રાન્સફર કરવામાં આવેલ અને અરજીમાં જણાવેલ વિગતેની નહીં પુરી પડાયેલ માહિતી અર્થે સુરત મહાનગરપાલિકાના લાગત વિભાગ/ખાતાને શરતચૂકથી ટ્રાન્સફર કરવાનું રહી ગયેલ હોય તેવું જણાય છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદી/અરજદરશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૧–૧૦–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૧૬૦૩) ના મુદ્દા નં.૧ થી ૧૬ ની માંગવામાં આવેલ માહિતી પૈકી માત્ર સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની માહિતી, કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ આર.ટી.આઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે વિવાદી/અરજદારશ્રીને તાકીદે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી, સેક્રેટરી ઓફિસને જણાવવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

ન.ર. :– અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ પ્રતિ,
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ,
સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.

# સેક્રેટરી ઓફિસ, સુરત

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**
**ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨<br>તા. –૧–૨૦૧૯ |

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૮–૧૯/૧૪**

**વિવાદી :–**
શ્રી હિતેષ જે. માખેચા,

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હિતેષ જે. માખેચાની તા.૫–૧૦–૨૦૧૮ ની અરજી આઈ.ડી.૪૫૭ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની અરજી તા.૧૭–૧૨–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૫૦.અરજદારશ્રી હિતેષ જે. માખેચાની તા.૫–૧૦–૨૦૧૮ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૪૫૭

૫૧.જા.મા.અ. અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)નો તા.૩–૧૧–૧૮ નો પત્ર

૫૨.જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસનો તા.૨૪–૧૦–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૨૮૬(નમુનો–ગ)

૫૩.અરજદારશ્રી હિતેષ જે. માખેચાની તા.૧૭–૧૧–૨૦૧૮ની અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી(આર.)શ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી(નમુનો–ચ)

૫૪. અપીલ અધિકારી અને પર્સોનેલ અધિકારી(રીક્રુટમેન્ટ)નો તા.૧૨–૧૨–૨૦૧૮ નો પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આર/૧૬૬૩ (નમૂનો–ઘ)

૫૫.અરજદારશ્રી હિતેષ જે. માખેચાનો તા.૫–૧–૨૦૧૯ નો પત્ર(અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશી)

**ફરીયાદની હકીકત :–**

**શ્રી મા ન,**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી/અરજદારશ્રી હિતેષ જે. માખેચા, રહે. સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૫–૧૦–૨૦૧૮ ના રોજ મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૪૫૭ થી નોંધાયેલ હતી.

સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૪૫૭, તા.૯–૧૦–૨૦૧૮ થી જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) અને જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી(સેક્રેટરી ઓફિસ) ને તા.૧૧–૧૦–૨૦૧૮ ના રોજ મળેલ હતી. વિવાદીશ્રીને જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી(સેક્રેટરી ઓફિસ) ધ્વારા તા.૨૪–૧૦–૨૦૧૮ ના રોજ નમુનો–ગ થી માહિતી આપવામાં આવેલ છે. જયારે જા.મા.અ. અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ) ધ્વારા તા.૩–૧૧–૨૦૧૮ ના રોજ માહિતી આપવામાં આવેલ છે.

વિવાદીશ્રી હિતેષ જે. માખેચાએ અંશતઃ નિર્ણય મળ્યો હોવાનું કારણ જણાવી તા.૧૭–૧૧–૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી(આર) રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગર પાલિકાને ઉદ્દેશીને નમુનો–ચ થી પ્રથમ અપીલ કરવામાં આવેલ હતી. અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(રીક્રુટમેન્ટ), સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલની તા.૧૨–૧૨–૨૦૧૮ ના રોજ સુનવણી રાખવામાં આવેલ જે દરમ્યાન વિવાદીશ્રીને જે માહિતી મળી નથી તેની રજુઆત કરેલ હતી

જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ)એ વિવાદીશ્રીની સુનવણી વખતેની રજુઆત અન્વયે તા.૧૨–૧૨–૨૦૧૮ ના રોજ નમુનો–ઘ થી (૧) અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી વિભાગ અને (૨) અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને અપીલ અરજી તબદીલ કરેલ જેની એક નકલ વિવાદીશ્રી હિતેષ જે. માખેચાને પાઠવેલ હતી. જે સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૪–૧૨–૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)ના પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આર/૧૬૬૩ થી મળેલ છે.

વિવાદીશ્રી હિતેષ જે.માખેચાએ અપીલ અરજી તબદીલ થયેલની નકલ મળ્યેથી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ સાથે ટેલીફોનીક વાતચીત ધ્વારા જણાવેલ હતું કે, સેક્રેટરી વિભાગ તરફથી તેમને લાગત સંપુર્ણ માહિતી સમયમર્યાદામાં સંતોષકારક રીતે મળેલ છે અને કોઈપણ પ્રકારની માહિતી સેક્રેટરી વિભાગે આપવાની બાકી રહેતી નથી. જે બાબતે વિવાદીશ્રીએ અપીલ અધિકારીશ્રી અને મ્યુ.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસને તા.૫–૧–૨૦૧૯ ના રોજ લેખિતમાં પત્ર પણ પાઠવેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિવાદીશ્રીએ કરેલ લેખિત તેમજ ટેલીફોનીક રજુઆતો/અરજી ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી હિતેષ જે. માખેચાની તા.૫–૧૦–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૪૫૭) સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી (સેક્રેટરી ઓફિસ) ધ્વારા તા.૨૪–૧૦–૨૦૧૮ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/ ૨૮૬ થી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની માહિતી આપવામાં આવેલ છે તેમજ વિવાદીશ્રીની તા.૫–૧–૨૦૧૯ ના રોજની લેખિત રજુઆત ધ્યાને લેતા, સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી હિતેષ જે.માખેચા પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**
**ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૫
તા.૨૮–૨–૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૧૯/૨**

**વિવાદી :–**
શ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણ

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણની તા.૧૦–૧–૨૦૧૯ ની અરજી આઈ.ડી.૨૪૫૯ બાબત.

**સંદર્ભઃ** વિવાદીશ્રીની અરજી તા.૧૨–૨–૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૫૬.અરજદારશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણની તા.૧૦–૧–૨૦૧૯ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૨૪૫૯. (નમુનો–ક)

૫૭.એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૧૧–૧–૧૯ નો પત્ર નં.સી.સી.સી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૨૪૫૯

૫૮.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૬–૧–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૦

૫૯.પી.એ.ટુ મેયરશ્રીનો તા.૧૯–૧–૨૦૧૯ નો પત્ર નં.એમ./૧૪૫

૬૦. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૫–૨–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૨૩ (નમુનો–ગ)

૬૧.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૨–૧–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૬ (નમુનો–ઘ)

૬૨.એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૩–૨–૧૯ નો પત્ર નં.સી.સી.સી. /સી.ઝોન/આઉટ–૩૫૧ (નમુનો–ઘ)

૬૩.વિવાદીશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણની તા.૧૨–૨–૨૦૧૯ના રોજ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી

૬૪.અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નો તા.૧૯–૨–૨૦૧૯ નો પત્ર (નમુનો–ઘ)

૬૫.પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૨૨–૨–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી /અપીલ/આઉટ/૨૦૧૯/૪

૬૬. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨–૨–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૩૨

૬૭.વિવાદીશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણની તા.૨૬–૨–૨૦૧૯ના રોજ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબતે કરવામાં આવેલ લેખિત નિવેદન.

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદીશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણ

સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ, તા.૧૦–૧–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી, જે આઈ.ડી.નં.૨૪૫૯ થી નોંધાયેલ હતી. સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ધ્વારા તા.૧૧–૧–૨૦૧૯ ના રોજ નમુનો–ઘ થી જાહેર માહિતી અધિકારી, સેક્રેટરી વિભાગ સહિત કુલ–૪ વિભાગને તબદીલ કરવામાં આવેલ.

સદર અરજીથી માંગવામાં આવેલ માહિતી એકત્ર કરવા માટે જા.મા.અ. અને અંગત મદદનીશ ધ્વારા તા.૧૬–૧–૨૦૧૯ ના રોજ પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૯/૧૦ થી પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાનમાં પી.એ. ટુ મેયરશ્રી ધ્વારા તા.૧૯–૧–૨૦૧૯ ના પત્ર નં.એમ./૧૪૫ થી દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ હતી . જે ધ્યાને લઈ જા.મા.અ. અને અંગત મદદનીશશ્રીએ તા.૨૨–૧–૨૦૧૯ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/ ૧૬(નમૂનો–ઘ) થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, નોર્થ ઝોન (કતારગામ)ખાતે સદર અરજીના મુદ્દા નં.૩ અને ૪ બાબતે તબદીલ કરવામાં આવેલ હતી તેમજ તા.૫–૨–૨૦૧૯ ના પત્ર નં. આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૨૩ (નમૂનો–ગ) થી વિવાદીશ્રીને અરજીના મુદ્દા નં.૩ અને ૪ થી માંગેલ સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી (આંશિક) નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ હતી.

સબબ, વિવાદીશ્રીએ તેમની અરજી અન્વયે નિયત ૩૦ દિવસમાં માહિતી મળેલ નથી અને જા.મા.અ.શ્રી નિર્ણયથી નારાજ થઈ તા.૧૨–૨–૧૯ ના રોજ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસની વિરુધ્ધમાં પ્રથમ અપીલ કરેલ છે.

સદર અપીલ અત્રેની ઓફિસ સહિત બીજા અન્ય અપિલ અધિકારીઓને એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રના તા.૧૩–૨–૧૯ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/ આઉટ–૩૫૧(નમુનો–ઘ)થી ટ્રાન્સફર કરેલ, જે અત્રેની કચેરીએ તા.૧૪–૨–૨૦૧૯ ના રોજ મળેલ તેમજ અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટન્ડન્ટશ્રી ધ્વારા પણ તા.૨૯–૨–૨૦૧૯ ના પત્ર ક્રમાંકઃસીએમએસી/આઉટ/૨૦૪ અન્વયે સદર અપીલ નમુનો–ઘ ધ્વારા સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૯–૨–૨૦૧૯ ના રોજ મળેલ છે.

વિવાદીશ્રીની અપીલ અરજી અન્વયે સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી માટે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૨૨–૨–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ /આઉટ/૨૦૧૯/૪ થી પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૨૪૫૯)માં જણાવેલ વિગતે તેને સંલગ્ન જરૂરી પેપર્સો સહિત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ તાકીદે રજુ કરવા જણાવેલ.

જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ તા.૨૨–૨–૨૦૧૯ ના રોજ અપીલ અંગેની જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે. પ્રતિવાદીશ્રીએ જણાવેલ કે, વિવાદીશ્રીની તા.૧૦–૧–૨૦૧૯ ના રોજની માહિતી માંગતી અરજી(આઈ.ડી.૨૪૫૯)ના મુદ્દા નં.૩ અને ૪ અન્વયે માંગવામાં આવેલ માહિતી(આંશિક) વિવાદીશ્રીને તા.૫–૨–૧૯ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/ આઉટ/૨૦૧૯/૨૩ ધ્વારા (નમુનો–ગ )થી સમયમર્યાદામાં પાઠવેલ હોય, સેક્રેટરી ઓફિસ તરફે હવે કશું કરવાનું રહેતું નથી જેથી સદર અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

વધુમાં, તા.૨૬–૨–૨૦૧૯ ના રોજ સુનવણીમાં વિવાદીશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણ તેમજ પ્રતિવાદી તરફે જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી સહદેવસિંહ એસ. ઝાલા હાજર રહેલ. સુનવણી દરમ્યાન પ્રતિવાદી તરફથી રજુ કરેલ પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ વિવાદી સમક્ષ રજુ કરેલ હતી. જે તમામ પુરાવાઓ વિવાદીશ્રીએ ગ્રાહય રાખ્યા હતા. <u>વિવાદીશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણ સુનવણી દરમ્યાન થયેલ ચર્ચા અન્વયે જણાવ્યું કે તેઓની ગેરસમજ દુર થઈ થયેલ છે અને પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીને ઉદ્દેશીને કરેલ લેખિત નિવેદન ધ્વારા અરજીના મુદ્દા નં.૩ અને ૪(આંશિક)ની માહિતી સમય મર્યાદામાં મળી હોવાથી સેક્રેટરી ઓફિસ પાસે કોઈપણ માહિતી મેળવવાની બાકી રહેતી નથી અને મળેલ માહિતી પ્રત્યે સંતોષ હોવાથી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે અપીલ અરજી અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.</u>

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિવાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ અરજી/રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણની તા.૧૦–૧–૧૯ ની મૂળ અરજી (આઈ.ડી.૨૪૫૯) ના સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.૩ અને ૪(આંશિક)ની માહિતી બાબતે પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૩, તા.૫–૨–૧૯ થી પાઠવવામાં આવેલ પ્રર્ત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ રૂબરૂ સુનાવણી વખતે વિવાદીશ્રીની ગેરસમજ સંપુર્ણપણે દુર થઈ ગયેલ હોય તેમની તા.૨૬–૨–૧૯ ના રોજની લેખિત રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી હાર્દિક દિલીપભાઈ અણઘણ પ્રતિ.....જાણ સારૂ.